॥ श्री सहजानंदायनमोनमः ॥

श्री उद्धव संप्रदायना गायनो.

(શ્રી ઉદ્ધવમત ગાયન મંડળીને માટે.)

છપાવી પ્રસિદ્ધ કરનાર,

પખડબંધ જેઠાલાલ નારણદાસ.

અમદાવાદ

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ.

સંવત્ ૧૯૫૪. સને ૧૮૯૮.

આવૃત્તિ ૧ લી.

કિંમત ૦-૩-૬.

॥ श्री सहजानंदायनमोनमः ॥

श्री उद्धव संप्रदायना गायनो.

(શ્રી ઉદ્ધવમત ગાયન મંડળીને માટે.)

છપાવી પ્રસિદ્ધ કરનાર,

પચડબંધ જેઠાલાલ નારણદાસ.

અમદાવાદ

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડ.

સંવત્ ૧૯૫૪. સને ૧૮૯૮.

આવૃત્તિ ૧ લી.

કિંમત ૦-૩-૬.

વિજ્ઞપ્તિ.

આ લઘુ પુસ્તક રચી પ્રસિદ્ધ કરવાનું કારણ શ્રી ઉદ્ધવ સંપ્રદાયના સાધુ તથા હરિભક્તોને વીદિત કરવાની ખાસ જરૂર છે એમ અભિપ્રાય મળવાથી હું ઘણીજ નમ્રતા પૂર્વક જણાવું છું કે હાલમાં સર્વ ઠેકાણે નાટકના ગાયનો ગાવાનો મોહ ઉછરતા જુવાનીઆઓમાં બહુ વધી પડયો છે. આપણા સત્સંગીના છોકરાઓની વૃત્તિ તે તરફ જતાં મેં ઘણે ઠેકાણે જોઇ તેથી ખ્યાલ થયો કે હાલના સમયને અનુસરી આપણા સંપ્રદાયના કીર્તનો નાટકના જેવા રાગમાં રચાઇ પ્રસિદ્ધ થાય તો તે સહુને વાંચવાની વૃત્તિ થાય ને ધીમે ધીમે તે સરવેમાં સંપ્રદાયનો ગુણ આવે ને પછી ધર્મનો મર્મ સારી રીતે સમજવા તરફ લક્ષ થાય અને એમ કરતાં કરતાં ધર્મમાં તેમની દ્રઢ સ્થીતિ થતી જાય.

આ સિવાય બીજુ કાંઇ કારણ નથી.

આ બાબત બરોબર રીતે અમલમાં આવે તેને માટે અતરે (આમદાવાદમાં) "શ્રીઉદ્ધવમત ગાયન મંડળી" એ નામે એક ભજનમંડળી અતરેના હરિભક્ત પચ્ચડબંધ જેઠાલાલ નારણદાસે તેમના ભાઇ મોદી બલાખી ધનજી તથા ચુનીલાલ કીશોરદાસની સંમતિથી સ્થાપી છે. સદરહુ મંડળીમાં સરવે હરિભક્તના છોકરાઓને દાખલ કરવામાં આવે છે. આ મંડળી દરેક શુભ દિવસે શ્રી નરનારાયણ દેવના મંદીરના મંડપમાં વાજીંત્ર સાથે શ્રીજીમહારાજના યશનું ગાન કરે છે. આ મંડળીને જે જે હરિભક્તો તરફથી ઉત્તેજન તરીકે ભેટ કરવામાં આવે છે તેનો તથા ખરચનો વીગતવાર હીસાબ રાખવામાં આવે છે. અને મંડળીની શીલિક તેના આગેવાનોએ વિનંતિ પત્રમાં બતાવ્યા મુજબ રાખવા ગોઠવણ કરેલી છે. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે આ કામ પ્રભુપ્રીત્યર્થે આરંભેલું છે, કોઇ કોઇનો સ્વાર્થ નથી, અને મંડળીમાં ખરચ બાદ કરતાં

જે કાંઈ વધારો પડશે તેનો ઉપયોગ પણ મંદિરમાં અથવા એવા ધર્મ સંબંધી કામમાંજ થશે.

સરવે હરિભકતોને વિશેષ વીનંતિ કરવાની કે આ કાર્ય રજોગુણનું છે તેથી એને ઉત્તેજન ન મળવું જોઇએ એમ ઉપર ઉપરથી વિચાર કરી આ મંડળી સ્થાપન કર્તાના અંતરનું ધાર્મીક રહસ્ય શું છે તે જાણવાની દરકાર નહીં રાખીને આ મંડળી તેમજ આ ચોપડી વિષે કૃપા કરી ખોટો ખ્યાલ કરશો નહીં. પરંતુ મંડળીના આગેવાનોનો ખરો મર્મ સમજવો ને પછી તે ઉપર બરોબર વિચાર કરવો એવી આપ સુજ્ઞ જનોને મારી ભલામણ છે. દરેક મનુષ્યના મનનું વલણ શરૂઆતથીજ ધર્મ તરફ ભાગ્યેજ હોય છે, પરંતુ થોડીઘણી તેના મનની વૃત્તિને સાચવવી અને થોડે થોડે સહન થાય તેટલું મન ઉપર દબાણ કરતા જવું. તેથી આખરે ધર્મમાં તેની દૃઢ સ્થીતિ થાય છે. પરંતુ સહસા કોઈ કાર્ય બનતું નથી એવો અનુભવી મહાત્માઓનો અભિપ્રાય છે, તે લક્ષમાં લેતાં વિવેકી નરોને સાફ માલમ પડશે કે આ મંડળી સ્થાપન કરનારાઓએ નાની વયના છોકરાઓને જે ધર્મની સીડી ઉપર ચઢાવવા આરંભ કરેલ છે તેનું આ પહેલું પગથીઉં છે તથા આ ચોપડી રચનારે તેમજ તેની તથા મંડળીની પ્રસિદ્ધિ કરનારે પોતાની પ્રશંસા વધારવા સારૂ અથવા સ્વાર્થ માટે આ યોજના કરી નથી; પરંતુ છોકરાઓને પ્રભુના ગુણ આવી રીતે ગવરાવી ધર્મ તરફ લક્ષ ખેંચવા આ કાર્ય આરંભેલું છે. તેનો કલ્યાણકારી બદલો તેમને શ્રીજી મહારાજ આપશે.

આ ચોપડી રચાવવામાં પઘડબંધ જેઠાલાલ નારણદાસે બહુ સારી મદદ કરી છે માટે તેમનો મોટો આભાર છે.

લી. શેવક,

હરિલાલ કીકાભાઈ મહેતા.

श्री

परमात्मने स्वामिनारायणायनमोनमः

श्रीउद्धवसंप्रदायना गायनो.

श्रीमन्नूतननीरदाभतनवे श्रीमाधुरीमूर्त्तये ।
तुङ्गत्तुङ्गतुरङ्गसङ्गिवृतये चंचच्चलद्धाससे ॥
नानाहारमनोहरायहरये यष्ट्यालसत्पाणये ।
तस्मैश्रीगुरवेभवाय सहजानंदायवंदामहे ॥ १ ॥

१

(नमुं पदे गिरिजापतिने) ए राग.

પ્રભૂ હરો ભવની ભીતિને,
દીન દયાળ સદા સુખકારી, શરણાગત દુખ હારી,
ગૂકત કરી, વિશ્વપતિ, આપો સદ્દગતિને. પ્રભુ.
કૃષ્ણહરિ હરકંદ, સ્વામિ સુરમુનિવૃંદ,
સહજાનંદ વ્રજચંદ, સદા આનંદ કંદ;
અજર અમર જગપાલન, ભર્તા દુખ હર્તા, સુખ કર્તા,
દીન ગણી, દાસ હરિ, કાપો દુર્મતિને. પ્રભુ.

૨

(રાગ કલ્યાણ.)

શ્રી જગત ગુરૂ, વીનંતિ હું કરૂં;
ઈષ્ટદેવ સ્મરણકાજ ધ્યાન હું ધરૂં, ટેક.
સકળ કાર્ય આરંભે સમરૂં, વિઘ્ન દૂર સહુ થાય,
તે કારણ હું પ્રથમ પ્રેમથી, લાગું તમને પાય. શ્રી.

મન મારે છે ઈષ્ટ દેવના, ગુણ ગાવાની આશ,
સહાય કરો તે માટે શિવસુત, સુખદાતા અવિનાશ. શ્રી.
રિધસિધ શુધ બુધ દાતા દેવા, ગવરીનંદ ગણેશ,
શરણાગતને સંભાળો, દુંદાળા દેવ દીનેશ. શ્રી.
ગજાનન ગણપતિ ગુણવંતા, ગણી નારણસુત બાળ,
સન્મતિ દેજો નાથ તમે, દીનબંધુ દેવ દયાળ. શ્રી.

૩

(**રે ના બોલો આવી વાત.**) એ રાહ.

નમું હું નરનારાયણનાથ, ભાવેથી પાય લાગું. નમું.
સત્સંગિના શણગાર, ઉતારો ભવજળપાર,
કરૂં વિનતિ હું વારમવાર, કરૂં વિનતિ હું વારમવારરે. હો. નર
રાજે નર સંગે સદા, જોડી જગદાધાર,
મન એ પદને પામવા, સમરૂ સરજનહાર. નમું.
પ્રગટયા મન મોહન આજ, દરશન દીધા મહારાજ,
કરી કૃપા તમે વ્રજરાજ, કરી કૃપા તમે વ્રજરાજરે. હો. નર.
પ્રભુ પ્રગટ થયા મહારાજ, પોતાના જનને કાજ,
સુખદાતા શ્રીજી આજ, સુખદાતા શ્રીજી આજરે. હો. નર.

૪

(**યહુ બદીમે પાયા ગમ.**) એ રાહ.

પ્રભુ સ્વામિ સહજાનંદ, હરો ભવ ફંદ,
સુરરાજ અરે મહારાજ હરે, હે જગપતિ આનંદ કંદ;
નથી અવર તણો આધાર, અહો જગપાળ,
કિરતાર કરો આવાર, સહાય દીન બંધુદેવ દયાળ.
છું દાસ તણો હું દાસ, અચળ, અવિનાશ!
નથી અવર આશ વિશ્વાસ, થાય ઉર અતિશે ભવનો ત્રાસ;
જગ રાજ કૃપાળુ તારો, દેખું નહી દુખનો આરો,

આ ભવના કષ્ટ નિવારો, શરણાગતને ઉગારો,
હરિદાસ ગણી મતિમંદ, હરો ભવફંદ. સુર.

૫

(આજે આનંદ આનંદ.) એ રાગ.

ધન્ય ભાગ્ય આજે સહજાનંદ સ્વામિ મળ્યા,
હરિજનો તણા આજ દુખ ટળ્યા,
પ્રભુ તો મુજને મળ્યા, સંકટ સરવે ટળ્યા. જય. જય. જય જય ધન્ય.
વા'લો પ્રગટ થયા હીંદુસ્થાન માંહી,
અયોધ્યાની પાસે છપૈયા પુર ત્યાંહી;
હરિનોજન્મ થયો, મોક્ષનો પંથ મળ્યો. જય. જય. જય. જય. ધન્ય.

૬

(હું નિરભાગી સરદાર.) એ રાગ.

જીવતું બ્રહ્મરસ ભોગવનાર ! શીદને માયાનો આ ભાર ?
માયા નગણી ઠગણી ભારે, કહેતાં નાવે પાર;
ચઉદ લોકને ચાવી નાંખે, એક પલક મોઝાર. જીવ.
અષ્ટ સિદ્ધિ નવ નિદ્ધિ આદિ, અનંત શકિત અપાર,
કામક્રોધ મદમોહ એ સરવે, માયાના હથિઆર. જીવ.
નીજ બળથી લડવું એ સામે, કઠણ કામ આવાર,
નારદ શિવ બ્રહ્માદિક હાર્યા, તો તું કોણ વિચાર? જીવ.
ગુરૂ શરણું કર ઢાલ ધરી વળિ, જ્ઞાન રૂપી તરવાર,
ભજન ફોજ લઈ ચાલો જીવડા, લડજો ત્યાં બહુવાર. જીવ.
હીમત ધારી રણમાં પડજો, ડરજો નહીં લગાર,
પાછાં પગલાં કદી ન ભરશો, તો થાશો ભવ પાર. જીવ.
થશે કશોટી ખરી તમારી, તો રીઝી કિરતાર,
દાસહરિનો સ્વામિ દેશે, બ્રહ્મરસનો ભંડાર. જીવ.

૭

(ચાલો ચાલોરે સાહેલીઓ આજ.) એ રાગ.

ચાલો ચાલો રે, (હાંહાંરે) ચાલો ચાલો રે હરિજન આજ,
દરશન કરવાને.
બોલો બોલો રે (હાંહાંરે) બોલો બોલો રે મુખે મહારાજ,
ભવ જળ તરવાને. ચાલો.
ફરતાં ફરતાં આનંદ કરતાં, સંભારી ઘનશ્યામરે,
સ્વામિનારાયણ સ્વામિનારાયણ, બોલો આઠો જામ. ભવ. ચાલો.
કનકસિંહાસન ઉપર શોભે, નરનારાયણદેવરે,
સાચી પ્રીતે હરિજન કરજો, મહા પ્રભુજીની સેવ. ભવ. ચાલો.
જોડી પ્રભુની જોઇ અલોકીક, અંતર આનંદ થાય રે,
દાસહરિ ભાવેથી ભજતાં, એ પદ સહેજ પમાય. ભવ. ચાલો.

૮

(સૃષ્ટિમાં અમૃત વૃષ્ટિ.) એ રાગ.

પ્રગટ પ્રભુને જોઇને મન મોહની લાગી રહી,
મોહની લાગી રહી, મન મોહની લાગી રહી. પ્રગટ.
મન મોહન સુખ શાંત છબી, કોટિ કંદર્પ લાજે તહીં,
તેજ ભાળી ભાનું લાજે, શશિ શરમાયે તો સહી પ્રગટ.
વદન કમળપર જાઉં વારી, શુધબુધ તો સરવે ગઇ,
મન મોહ્યું મોહનની સંગે, ચીત બીજે ચોટે નહીં. પ્રગટ.
સોનેરી શીર પાઘ શોભે, જરકસનો જામો સહી,
દર્શન કરતાં નારણ સુતની, ભાવટ સહુ ભવની ગઇ. પ્રગટ.

૯

(ધન્ય દીવસ ધન્ય આજરે આવ્યા કાશી પુરીમાં.) એ રાહ.

સુખકર સહજાનંદ રે, પ્રાણી ભજો જગતમાં,
સુખ સંસારી, મીથ્યા ધારી, તજો મુરખ મતિ મંદરે. પ્રાણી.

સહુ જગ કારણ, સ્વામી નારાયણ, હરે શરણુગત ફંદરે. પ્રાણી.
દીનજન બંધુ, કરૂણાસિંધુ, સદા સરવ સુખકંદ રે. પ્રાણી.
પ્રગટ મોરારી, નરતનધારી, રટે સકળ મુનિવૃંદ રે. પ્રાણી.
શેષાદિ ગાવે, પાર ન પાવે, એવા અકળ વ્રજ ચંદરે. પ્રાણી.
આવે પલકમાં, કાલ ખલકમાં, ચેતો વખતસર અંધરે. પ્રાણી.
હરિ ભજી પામી, અક્ષર ધામી, બ્રહ્મ અચળ આનંદરે. પ્રાણી.

૧૦

(ઓ વિપરીત બુધ્ધિની નારી) એ રાહ.

જય સહજાનંદ સુખકારી, પ્રભુ ભક્ત વત્સલ ભવ ભયહારી. જય.
પ્રભુ પોતે પુરણ બ્રહ્મ, જેને નેતિ કહે નિગમ. જય.
પ્રગટ્યા દેશ પુરવવિશે, અયોધ્યાની પાસ,
છપૈયા શુભ ધામમાં, પુરૂષોતમ અવિનાશ. જય.
મંગળ મુર્તિ મહાપ્રભુ, નિલકંઠ ઘનસ્યામ,
સુંદર ભક્તિ ધર્મ સુત, પોતે પુરણ કામ. જય.
નારદ સારદ નિત્ય રટે, શેષ ન પામે પાર,
અનંત કોટિ બ્રહ્માંડના, પાલન સરજનહાર. જય.
અગમ અકળ અક્ષરપતિ, અનુપમ હરિ અવતાર,
દાસ હરિના નાથજી, ઉતારો ભવપાર. જય.

૧૧

(વટ સાવિત્રિ વ્રત આજ) એ રાહ.

શ્રી એકાદશીનું વ્રત આજ, પૂરણ કરીએ રે,
ચાલો નાવાને નારાયણ ઘાટ, આનંદ ધરીએ રે,
જ્યાં નાહ્યા નટવરશ્યામ, આપણ નાહીએરે;
છે પરસાદીનું ધામ, સુખીયા થઇએરે.
લીલા કરી છે વા'લે વિધ્ય વિધની, સંભારી સુખ બહુ થાય રે,

મુર્તિ ધારોને મહારાજની તમે, સતસંગી સહુ નર નારરે.
મુર્તિ ધારોને મહારાજની તમે.
શ્રીજી મહારાજને સેવીયે સદા, એથી સંકટ સરવે જાયરે,
મુર્તિ ધારોને મહારાજની તમે.
ગંગાજીએ ઘાટ કરાવ્યા, આચારજીએ આરા બંધાવ્યા,
એ સૌ શોભે રૂપાળા, આનંદ ઉર વધારો.
રામપ્રતાપ ભાઈના ઓટા સુધરાવ્યા,
સામા સામી બે દેરા બંધાવ્યા, દાસ જેઠો નીરખે છે.
આનંદ ઉર વધારો.

૧૨

આશાગોડી.

પ્રભુ પદમાં પ્રીત ધરજે. સમજ મન પ્રભુ પદમાં પ્રીત ધરજે,
જૂઠી જગતની આશ તજીને, એક હરિને સમરજે. સમજ.
સુતવિત દારા કુટુંબ કબીલા, એ ઠગથી તું ડરજે. સમજ.
ચાર દિવસ આ જીવતર તારૂં, મદ મત્સર પરહરજે. સમજ.
સુખ દુખ સરવે સ્વપનું જાણી, ભજન ભરોસે કરજે. સમજ.
દાસ હરિનો સ્વામિ ભજીને, બ્રહ્મ રસનો ભોગ કરજે. સમજ.

૧૩

(ચારસે બીદલી.) એ રાગ.

સ્યામસે મોરે લગી લગનવા.
બિન દેખેમોકુ કલન પરતહે, જ્યું બિન ચંદ ચકોર.
ચેહી કારણ રહો ઉરમેં હમારા, નટવર નંદ કીશોર. લગનવા.
સ્યામ મેરે સુખદાયક તુમ હો, તુમ એક સબમેં સાર,
કરૂણા દ્રગનસે મોકુ દેખો, અક્ષર બ્રહ્મ આધાર. લગનવા.

લોભીનકુ જેસો ધન પ્યારો, કામીનકું જયું નાર,
પ્યાર લગ્યો એસો આપસે પ્રીતમ, નવલ પીયા દીલદાર. લગનવા.
આશ નહીં અબ કછુ અંતરમે, જગસેં ભયી ઉદાસ,
એક અરજ હે દાસ હરિકી, મોકું રખો પીયુ પાસ. લગનવા.

૧૪

(અરે વિપરીત બુદ્ધીની નારી) એરાહ.

જય નટવર ભવ ભય હારી, મનહર મુર્તિ છે મરમાળી.
અમે શરણે આવ્યા આજ શ્રીજી કરો અમારૂં કાજ. જય.
મનહર મહારાજા સદા સુખ કર સહેજાનંદ,
નખશિખ મુર્તિ નિરખતાં, ઉભરાયે આનંદ. જય.
પ્રથમ પ્રભુજી પ્રગટને, રાખું રૂદિયા માંય;
અંગો અંગ અવલોકીને, શીતળ અંતર થાય. જય.
કળિ મધ્યે કરૂણા કરી, પ્રગટયા શ્રી ધનશ્યામ,
ભાવથકી મનસુખ ભજે, સહજાનંદ સુખધામ, જય.

૧૫

આજની છબી શ્યામની ન જાય વરણી!
ભુલી સાન ભાન દેખી, પડી ધરણી. આજની.
વદન પુનમચંદ, સુર વૃંદાનંદ કંદ,
શાંતિ સુખ કર રમણી; આજની.
મંદ મંદ મુખ હસી ચિત મારે આવી વસી,
કાંતિ મમ મનહરણી; આજની.
બોલી મુખ મીઠી વાણી, મન મારૂં લીધું તાણી,
કાપી જગ અઘકરણી. આજની,
ભુંડી આમ આથડે શું? ઘેલી જગમાં ફરે શું?
બોલ્યા એમ પ્રભુ વરણી. આજની.

ઉઠ આજે દુઃખ કાપુ, અક્ષરનું સુખ આપું,
લે તું હરિ ભવ તરણી. આજની.

૧૬

(કોઇને દેખા એ યારો મેરા સનમ)એ રાહ.

કોઇને દેખાહે યારો મેરા મોહન, મેરે મોહન મેરા દિલકા મોહન. કોઇ ને
મેરે મોહનકી હે દો નિશાની.
હાથમે બંસી, ઘનશ્યામ બદન. કોઇને.
મેરે મોહનકી હે દો નિશાની,
માથે મુગટ ઓર બીચમે રતન. કોઇને.
મેરે મોહનકી હે દો નિશાની.
માતા પિતા હે ભક્તિ ધરમ. કોઇને.

૧૭

(સખીઓ નિજ નિજ નીતિ.) એ રાહ.

હરિજન સાર સરવનો શ્રીજી નિત્ય સંભારીએરે,
પ્રગટ પ્રમાણુ પ્રભુ શ્રી પુરૂષોતમ ઘનસ્યામ.
સાચી પ્રીતે અંતર સમરી સહજાનંદનેરે,
ભાવ સહીત ભક્તિથી ભજવું થઈ નિષ્કામ.
જગમાં સરવે જડ દુખ મિથ્યા મન વિચારીએરે. હરિ.
સાખી—સાચું સગપણુ શ્રીહરિ બીજું તૂતે તૂત,
ગરજા ગરજે સહુ મળ્યું સગાં સંબંધી જૂથ.
ભક્તો ! લે'ણે દેણે આવે જાયે જાણજોરે,
ફોગટ મરવું કરી કરી શાને માથાકુટ. જગમાં.
આયુષ્ય જો જો આપણી પાંચ પચીસ પચાસ,
બહુ બહુ કરી કરી જીવ શું, સોયે થાશે નાશ,
અંતે મેલી સરવે જાવાનું છે એકલુંરે,

હરિજન લેવા દેવા નવ કરશો કોઈ આશ. જગમાં.

પંચ ભૂતનું પૂતળું કાયાનું પરમાણુ,
પળ પળમાં પલટી જશે, નવ કરવું અભિમાન,
ફરતાં લખ ચોરાશી બે દિનનો મુકામ છેરે,
હરિજન નવ કરશો કોઈ ખાલી ખેંચાતાણુ. જગમાં.

માટે જો મનથી કરો તન મમતાને દૂર,
સુખની સીમા નવ રહે, વામે સહુ દૂખ મૂળ,
ઉગે અનુભવ સૂર્ય અનુપમ નિજ સ્વરૂપનોરે;
અક્ષર આનંદ બ્રહ્મ રસ ઉભરાયે ભરપૂર. જગમાં.

સ્થાવર જંગમ સર્વમાં શ્રીહરિ શ્રીહરિ સોય,
બીજું નહી કાંઈ એ વિના ભક્ત હરિના જોય.
એવા અગમ સુગમ હરિ થાયે કુંવર ધર્મનારે,
સાચો ભકત હરિનો દાસ હરિ જો હોય. જગમાં.

૧૮

(અરે માજી જાવું છું) એ રાહ.

પ્રગટ પ્રભુ ભજને તું પ્રાણી અરે,
સરવ તારૂં સંકટ સહેજે ટળે. પ્રગટ.
વિકટ પંથ તારો સમજ મનરે,
જરૂર કામ ક્રોધ મદ મોહ નડે. પ્રગટ.
વળી જન્મ મરણુ એ સરવે ટળે,
સમર સુખદાયક સ્વામી ખરે. પ્રગટ.
સસારમાં સુખ નવરે મળે,
ભજે શ્રીગોપાળ તો દુખ વિસરે. પ્રગટ.

૧૯

(અશ્વ દોડાવી શસ્ત્ર ચલાવી) એ રાહ.

ચરણે શીશ નમાવું સ્વામિ બેઉ કરજોડી આજ,

આનંદ આપ્યો દર્શન કરતાં, સહેજાનંદ મહારાજ. ચરણે.
સ્હાય થાઓ સહુ હરિજન ઉપર, પુરણ કળા અવતાર,
સુખકારી ઘનસ્યામ તમે છો, પ્રાણ તણા આધાર. ચરણે.
માણકી ઉપર બેઠા સ્વામિ, પચરંગી શિરપાઘ,
કરમાં લગામ રૂપાળી જોઈ માનુ મારા ભાગ્ય. ચરણે.
નખશિખ મુર્તિ નારાયણની, નિરખી થયો નિહાલ,
દાસ હરીને નિત્ય નિત્ય દેજો, દર્શન દીનદયાળ. ચરણે.

૨૦

(શાને શાને રીસાયે) એ રાહ.

જોયા જોયા (૩) શ્રી જગદાધાર હો,
પ્રભુ સહેજાનંદ સુખકારી.
શ્રીજી મહારાજની મુરતિ પ્યારી, આનંદ ઉપજે અંતર ભાળી,
લોભે લોભે (૩) મન મારૂં ત્યાંય હો.
દરશન કારણ મોરારી. જોયા.
મોર મુગટ શિર હાથમે બંસી કાને કુંડળ, છબી અંતર વસી.
શોભે શોભે (૩) વા'લો વ્રજરાયહો,
ઘનસ્યામ સુંદર સુખકારી. જોયા.
હેમકડોરે બેઉ હાથમાં શોભે, લાલના લટકે મુનિવર લોભે,
વારી વારી (૩) દાસ હરી જાય હો,
મારા આતમના અધિકારી. જોયા.

૨૧

(રાજાજી અરજ ઉરમાં ધારો.) કેરબો.

ભય હારી હરી ભવ દુખ હરજો, દુખ હરજો, પ્રભુ સુખ કરજો,
નર નારાયણ નાથ દયાળુ, જન્મ મરણ સંકટ હરજો. ભય.
સંકટ કાપો શ્રીપતિ, સ્વામી સહેજાનંદ,

દાસ હરી ગણી આપના, ટાળો ભવ દુખ ફંદ. ભય.
ભક્તિ ભાવ થકી કરૂં, હરિકૃષ્ણ મહારાજ,
અરજ સ્વિકારી શ્રીહરિ, કરો અમારૂં કાજ. ભય.
સુખકારી ઘનશ્યામને, સમરૂં વારમવાર,
સહાય કરોને શામળા, જીવન જગદાધાર,
ધર્મ ભક્તિના લાલજી ભય ટાળો ભગવાન,
નારણ સુત બહુ વીનવે, વીનતિ ધરજો ધ્યાન. ભય.

૨૨

(જલ્દી હુકમ થયોરે જાવાને પ્રીથા.) એ રાહ.

દોષ ક્ષમા કરોરે, પ્રભુજી મારા દોષ ક્ષમા કરોરે,
શરણાગતના સ્વામિ શ્રીજી, પોતાનો જાણી પ્રભુ પ્રેમે મળોરે.
દરશન નિશદિન હું કરૂં કાપો ભવ સંતાપ,
સહેજાનંદ સુખ કંદજી મારે તમ પરતાપ. પ્રભુ.
સંકટ મારા પરહરો, નરનારાયણ નાથ,
નારણ સુત હું પ્રેમથી, વંદુ જોડી હાથ. પ્રભુ.

૨૩

(મહાડ.)

મારા છેલ છબીલા રાજહો દરશન દીયો મહારાજ,
પ્રભુ તારી, છબી પ્યારી, સુખકારી, જાઉંવારી, દરશન.
મનહર સુખકર શ્રીહરીરે, સ્વામી સહેજાનંદ,
મનની પુરો આશ અમારી, ટાળો ભવ દુખ ફંદ. પ્રભુ.
મોહન મંદીર આવજોરે, મનગમતા મહારાજ,
શરણે જાણી શ્યામ સલુણા, આનંદ આપો આજ. પ્રભુ.
દીનબંધુ અક્ષરપતિરે, ટાળો ભવજંજાળ,
નારણ સુતની વીનતિ સુણજો, નટવર નંદ દયાળ. પ્રભુ.

૨૪

આશાગોડી.

સહેજાનંદ સુખકારી, પ્રભુ મારા સહજાનંદ સુખકારી
વાલો ભક્તવત્સલ ભયહારી. પ્રભુ.
સિંહાસનપર આપ બીરાજો, પુરૂષોતમ મોરારી. પ્રભુ.
ભક્ત તમારા વીનવે સ્વામી, ચરણ કમળ ચિતધારી. પ્રભુ.
કરજોડીને નિશદિન નમીએ, સ્હાય કરોને અમારી. પ્રભુ.
મનહર સુંદર મુર્તિ જોઇને, મોહન જાઉં બલીહારી. પ્રભુ.
દાસ તમારો મનસુખ વીનવે, રાખો પાસ તમારી. પ્રભુ.

૨૫

ધનાશ્રી.

સમર સમર ગોપાળ મનમારા સમર સમર ગોપાળ
સદ્ગુરૂ ચરણે શિશ સમરપી, પ્રપંચ પડદો ટાળ. મન.
ભાગે ભીતિ જનમ મરણની, કંપે દેખી કાળ, મન.
અંતર પરમાનંદ પ્રકાશે, છુટે માયાની જાળ. મન.
બ્રહ્માદીક તારૂ ભાગ્ય વખાણે, થાય સફળ અવતાર. મન.
અષ્ટ સિદ્ધિ નવ નિદ્ધિ સહેજે, પુંઠે ભમે તત્કાળ. મન.
આત્મરૂપ તું અક્ષર માની, રટ રટ કૃષ્ણ કૃપાળ. મન.
દાસ હરિ તારા અંતર રમશે, ભક્તિ ધર્મનો બાળ. મન.

૨૬

ગજલ (અરે બાવા તુ લે ભિક્ષા.)

કૃપા કર સ્હાય કરો મેરી શરણ ઘનસ્યામમેં આયા
સ્તુતિ જગરાય કરૂં તેરી, પીડત વિધવિધ રીત માયા.
રહા મન જગતમેં રાજી ગઈ સબ હાથસેં બાજી
નહીં ગુરૂ શબ્દ ઉર લાયા, શરણ ઘનસ્યામ મેં આયા. કૃપા.

કીયા કુકર્મકા ધંધા, ભયા જગમોહમેં અંધા,
મરમ નહીં આત્મકા પાયા, શરણ૦ કૃપા.
લગા ચિત કામ ચર્મનસે, હુવા બેહાલ કર્મનસે
વૃથા સંસારમેં જાયા. શરણ૦ કૃપા.
રૂચ્યા નહી આત્મકે સાધન, ફીરા જગજાળમેં ભગવન
સદા ધન દારમેં ધાયા. શરણ૦ કૃપા.
શરણ નહી સંતકા લીના, શ્રવણ નહીં શાસ્ત્રકા કીના
નહી ગુન આપકા ગાયા. શરણ૦ કૃપા.
પડત નહી ચેન પ્રભુ હમકુ કહુ કયા દુખમેં તુમકુ
જરત ત્રિ તાપમેં કાયા. શરણ૦ કૃપા.
ગુના યહ માફ કરો સ્વામિ, કહત હરિદાસ શિરનામી.
ચરણ મોકુ રખો રાયા. શરણ૦ કૃપા.

૨૭

(રમે રાસ મળી સહુ સંગ.) એ રાહ

રમે રાસ રસીક વ્રજચંદ, સુખકંદ, જગવંદ
સંત સંગ, બહુ રંગ.
પ્રભુ પાડે અલોકીક તાળી, ચિત ચોરે ચતુર વનમાળી,
મન મોહ્યું મોહનને ભાળી, ધરી અંગ, ઉછરંગ. રમે.
રૂડી આસોપાલવની છાંયે, ગામ જેતલપુરની માંયે
બેસે કોટિ ભુવનનો રાયે, સુખકંદ. જગવંદ. રમે.
રમી રાસ સહજાનંદ સ્વામી, મળ્યા સંતોને બહુ બહુ નામી
હરિદાસના અંતરજામી, સુખકંદ, જગવંદ. રમે.

૨૮

(લટકે મટકે જાઉ લડવા) એ રાહ.

મનવા મરના સાચ જગતમેં, જીવન જુઠા તેરા જાન

લખચોરાશી ફીરતે આયે, દો દિનકે સબહે મિજબાન
નર તન ધારી પાપ ન કીજે, કોઈ કીસીકા નહીં હે યાર
સ્વારથકે સંસાર સંબંધી, મત ખાના મમતામેં માર.
જાના હે જરૂર, આખર હોવત ધૂળ,
ફીરત ક્યું મગરૂર, પકડ જાય કાલ ક્રૂર,
ધર ગોપાળ ચરણ શરણ, મીટત ભવમેં જનમ મરણ
કાલકા નહીં શિરપેં ચલન, દાસ હરિ મત ભૂલ. મનવા.

૨૯

(નાથ કેસે ગજકો બંધ) એ રાહ.

નાથ મેરો અક્ષર પુરસેં આયો, કોટી ભવદુખ બંધ છોડાયો.
સંવત અઢાર સડત્રીસમે શુભ ચૈત્ર માસ સોહાયો
શુક્લપક્ષ નવમી શુભ રજની, દશ ઘટિકાપર જાયો. નાથ.
દુર્વાસાકો શ્રાપ ભયો તેહી નરતન રૂપ ધરાયો.
દેશ અયોધ્યા નગર છપૈયા, ધર્મકો લાલ કેહેવાયો. નાથ.
ભવજળ તારણ સ્વામિનારાયણ ધર્મકો નામ ધરાયો.
જીવન મુક્તકો પંથ હિ ન્યારો, અજબ કૃતિસે ચલાયો. નાથ.
સબ અવતારકો કારણ હોકર, ચોવીસ રૂપ બતાયો,
લીન કીયા સબ રૂપ સ્વરૂપમેં, સો અવતારી લીખાયો. નાથ.
મુકત પ્રેમ બ્રહ્મઆદીકે આનંદ, સંત મહંતકુ લાયો,
કળીયુગમેં વેદ ધર્મ સનાતન, સ્થાપન સત્ય કરાયો. નાથ.
જીવ ઈશ્વર ઓર માયાકો સબ સુગમ મરમ સમજાયો,
બ્રહ્મ હોઈ પરબ્રહ્મ ભજનસેં, ભવજળ તરન શિખાયો. નાથ.
દીન દયાળકે દર્શનસેં સબ અંતર તાપ મીટાયો.
સો પ્રભુ સહજાનંદ હરિદાસા, ગરૂ સુખી નિશદિન ગાયો. નાથ.

૩૦

(સમરણ કરી શ્રી જગદાધાર) એ રાહ.

નટવર નાગર ધર્મ કુમાર, રાસ રમે શ્રી જગદાધાર,
રાજનગર રમણિક અપાર, નરનારાયણ મંદીર દ્વાર,
સંતો સંગે સરજનહાર, થૈ થૈ નાચે કૃષ્ણ કૃપાળ,
નાચે નચવે નંદકીશોર. પ્રેમીજનનો જીવનદોર,
ફરર ઘરર પટ ઘુઘર થાય, અરસ પરસ નવ રસ વરસાય,
તણુણ તણુણ તન તાલ ગવાય, ઝણુણ ઝણુણ ઝાંઝર સંભળાય,
રૂમઝુમ રૂમઝુમ નાચ નચાય, ઠુમ ઠુમ ઠુમ ઠુમ ઠમકો થાય,
રંગભર સુંદર રાસ રમાય, ભાળી ભવની ભાવટ જાય,
રમ્યા રસિક રાધાવર રાસ, દાસ હરિએ ગાયો ખાસ,
પ્રસન્ન થાજો પરમ દયાળ, સેવકની લેજો સંભાળ.

૩૧

ગજલ (સરકાર રજા દીજીએ) એ રાહ.

હે અરજ ખુદાવિંદ મેરી આપકી હજુર,
હુઇ હે ચુક ફર્જમેં ગુલામસેં ગફુર. હે
જીસ કામકે લીયે ભેજાથા દુનિઆમેં ખબીર,
હુવા ન ગુનેગારસેં અયે અલીમ બસીર. હે
મનાજી સુબેદારને, દગા બડા દીયા,
ચલા ગયા વો બેવફા ન કામ કુછ કીયા. હે
સરદારેં દશ હવાસ મુજકુ છોડકે ચલા,
શૈતાન બો મનાજી સાથ, હરિકુ મીલા. હે
એકેલા દેખ લાઇલાજ હમકુ સતાયા,
ભરોસા ઉસકા જો રખા, મેં ખુદ ફસાયા. હે

સુના નહી મેરા હુકમ કીસીને નામદાર,
દગાબાજ ફોજ મેરી કયાં કરૂ લાચાર. હે
ફરમાન મુજબ કામ તો હુવા નહી રહીમ,
ગુલામ મેં હું આપકા કરો કરમ કરીમ. હે
તકસીર કરકે માફ મેરી, રહેમ લાવના,
મનાજીકુ ફીરાયકે ફતેહ કરાવના. હે
ઉમેદ એક હે મુજે હજુર બચાવના,
ઘનસ્યામ પાસ દાસહરિકુ બોલાવના. હે

૩૨

ગજલ (પ્રાણપતિ પ્રાણપતિ પ્રાણપતિરે) એ રાહ.

રમાપતિ નામ પ્રાણી રમાપતિ નામ,
અખંડ ભજો હે પ્રાણી રમાપતિ નામ,
ભક્તિ ધર્મ બાળ સહજાનંદ અભિરામ,
કોટિ બ્રહ્માંડનો સ્વામિ, ભજો ઘનશ્યામ.
કોની કાયા માયા જોને, કોના છે આ ધામ,
પલકમાં પ્રાણ જાશે, મુકીને તમામ.
જગતના સુખ દુખ સ્વપના સમાન,
વૃથા જન્મ જાશે વાહાણું વાશે મારૂ માન.
મારૂં મારૂં કરી મરો, એટલું અજ્ઞાન,
કોઈ કામ નાવે જ્યારે આવે અવસાન.
કેટલા દિવસ સારૂ કરો આ તોફાન,
ધનદારા કાજ જાણે, હડકાયો શ્વાન.
પરદેશી તું પરોણો, જગતમાં જાણ,
ઉઠી કાલે જાવું વૃથા કરે અભિમાન.

વાસના નિવારી, થઈ ઉદાશને અકામ,
રહો સદા દાસ હરિ રમાપતિ નામ.

૩૩

સંગમાં સંગમાં સંગમાંરે, નહીં રાખુ તને મન સંગમાં;
છું અવિનાશી, ને સુખરાશિ, સહજાનંદ સંગ રંગમાંરે. નહીં૦
તું શિદ આ જીવડાને સતાવે? તત્પર થઈ વ્રત ભંગમાંરે, નહીં૦
ઘણા જનમથી મને ભમાવે, ખોટા ફસાવે ફંદમાંરે. નહીં૦
કેમ રહું મન તારે ભરોંસે? સમજી ગયો છું પ્રપંચમાંરે. નહીં૦
હું છું મનડા આદિ અનાદિ, નથિ તું સંગ પ્રસંગમાંરે. નહીં૦
તુંતો જડને હું ચૈતન્ય છું, શેના તે આપણે સંબંધમાંરે. નહીં૦
તું તારી જાતને સાચી મનાવે, પુરો ખેલાડી પાખંડમાંરે. નહીં૦
ફરશું સદા હવે આજથી મનવા, અજર અમર બ્રહ્મ અંગમાંરે. નહીં૦
દાસ હરિ પ્રભુ પાસ હજુરમાં, રહેશે સદા બ્રહ્માનંદમાંરે. નહીં૦

૩૪

બનજારો.

હરિ દેખું ન દુઃખનો આરો, પ્રભુ ભવજળ પાર ઉતારો;
હરિ પુરો આ જગમાં ફસાયો, ચાલ્યો ભવપુરમાં હું તણાયોરે;
ઝાલી હાથ દયાળુ તારો. પ્રભુ૦
આશા નામે સરિતા ભારી, તેમાં ઉંડું મનોરથ વારીરે;
મારે તૃષ્ણા તરંગ ઉછાળો. પ્રભુ૦
એનું પુર ધિરજ દ્રુમ પાડે, આહો રાગરૂપી બહુ ત્રાડેરે;
ઉડે તર્ક વિહંગ હજારો. પ્રભુ૦
એમાં મોહ ભ્રમર બહુ થાયે, મોટા જીવ અનંત ફસાયેરે;
તેમાં હું કોણુ રંક બિચારો. પ્રભુ૦

મહા ચિંતા તટો વળી જોઈ, મારી શુધ બુધ સરવે ખોઇરે;
ઘણો જીવ ગભરાયે મારો. પ્રભુ૦
પડયો આ દુસ્તર નદિ માંહી, કોઈ દેખું ન મારૂં રહાયીરે;
મળ્યો જગનો સાથ ઠગારો. પ્રભુ૦
કાયા વહાણુ વળી મુજ કાચું, તેમાં આશ ધરી શું રાચુંરે;
આવ્યે શરણે હું દાસ તમારો. પ્રભુ૦
મારે ઠામ નથી ઠરવાનું, નથી સાધન ભવ તરવાનુંરે;
દયા આણી આ દિન ઉગારો. પ્રભુ૦
તમે પ્રલ્હાદની પીડ વામી, પુર્યાં પંચાળીના ચીર સ્વામિરે;
કર્યો સફળ મનોરથ સારો. પ્રભુ૦
તમે ગજની દયા ઉર લાવી, દીધો ગ્રાહ થકી છોડાવીરે;
એવા દુખહર્તા દુખ ટાળો. પ્રભુ૦
ઘણા ભક્તોની રક્ષા કીધી, હરિદાસની ભાળ ના લીધીરે;
એવો શો અપરાધ અમારો. પ્રભુ૦

૩૫

(દશા આ શી થઈ મારી.)

પ્રભુ હું રાંકને તારો, નથી મુજ દુખનો આરો;
લખચોરાશી હું ફર્યો, વેઠયાં દુખ અપાર;
શ્વાન શુકર સહુના થયા, મારારે અવતાર,
મર્યો જાયો વખત સારો; પ્રભુ૦
માતાના ઉદર ઝુલ્યો, ઉંધે માથે હાય;
જઠરાગ્નિ ઝાળે બળ્યો, તે દિ શે ભુલાય ?
ઘણો ગભરાય જીવ મારો; પ્રભુ૦
કુડાં કર્મ ઘણાં કર્યાં, પોખ્યા મેં પરિવાર;

ચામ દામ ચિતમાં ધર્યાં, કર્યો ન કાંઈ વિચાર.
વૃથા જગ જન્મ હું હાર્યો. પ્રભુ૦
પાછી વૃત્તિ ના કરી, ઓઢી મેં જગ લાજ;
કાળ થકી પણ ના ડર્યો, પાપી હું મહારાજ.
લીધો શિર કર્મનો ભારો. પ્રભુ૦
આપે ઈશ દયા કરી, આપ્યું આ નર તન;
પણ કાંઈ સમજણ ના પડી, ભુલ્યો હું ભગવન.
કરો અપરાધ ક્ષમા મારો. પ્રભુ૦
ગાફલ હું છું બાપજી, અકર્મી મતિ મંદ;
દીનબંધુ અક્ષર પતિ, ટાળો આ ભવ ફંદ.
બરદ કાંઈ રાજ વિચારો; પ્રભુ૦
દોષ ન જોશો હે પ્રભુ. હું છું નાથ ગુલામ;
દાસ હરિ શરણે પડ્યો, દયા કરો ઘનશ્યામ,
ઉગારો આજ કે મારો; પ્રભુ૦

૩૬

બારમાશી.

(હમકુ છાંડ ચલે બનમાધુ) એ રાહ.

સુખરે લેશ નથી કાંઈ જગમાં, દેખું દૂખ સરવ દિશ ભાઈ. સુખ૦
નાર મળી ભુંડી તુજ ઘરમાં, નિર્લજ વેણ વદે દૂખદાઈ,
પૂત્ર સંબંધી આ શત્ર પુરવના, લુટે સહુ મળી તારી કમાઈ; સુખ૦
શીદ એ સંગે જીવત હારે, ઘાટ ઘડે મૂઢ શા મન માંહી,
અંતે નહીં કોઈ તારૂં જીવડા, સ્વારથની છે જૂઠી સગાઈ; સુખ૦
ધામ ધરાને સંપત સરવે, રહેશે પડ્યું તારૂં નર આંહી,
મેલી ચાલ્યા મરવાનું સાચું, ફોગટ જન્મ થશે જગ જાઈ; સુખ૦
મનવાળી પાછું જીવ એથી, માન કહ્યું હવે મારૂં હો ભાઈ,

જોડ પ્રભુમાં તું દ્રઢ પ્રીતિ, અવર નહી કોઈ અંત સહાઈ; સુખ૦
એક શરણુ લે તું શ્રીહરિનું, ભવદૂખ દૂર થશે પળમાંહી,
દાસ હરિનો સ્વામિ દેશે, બ્રહ્મરસ ભોગ સદા સુખદાઈ; સુખ૦

૩૭

(મારા હૈયા કેરા હાર નજર ક્યારે.) એ રાહ

ધન્ય ધન્ય સખી દિન આજ, કાજ મારાં સર્યાંરે;
અખિલ લોકપતિ અંતરજામી, અજર અમર અક્ષરના ધામી;
શ્રી સહજાનંદ સ્વામિ, મન મારા હર્યાંરે; ધન્ય૦
ભાવટ સહુ હવે ભવની ભાગી, લગની એક રસિકશું લાગી;
થવા હવે બડભાગી, વહાલો મેં વર્યાંરે. ધન્ય૦
ઘણા કાળથી હું અથડાતી, લખચોરાશી ગોથાં ખાતી,
તાપે ત્રિવિધ તપાતી, દુખ પ્રભુએ હર્યાંરે. ધન્ય૦
અલ્પ સકળ સુખ જગના છોડી, માયાથી મન મારૂં તોડી,
ધર્મકુંવરશું જોડી, રસિયો વશ કર્યારે. ધન્ય૦
મોટા ભાગ્ય છે સજની મારી, શિરપર વિઠ્ઠલવર વનમાળી,
હવે નહીં ઓશિયાળી, પ્રભુ અઢળક ઢળ્યારે. ધન્ય૦
જે હરિચરણદાસ ગુરૂ જાણી, સેવ્યા નિશદિન ઉમંગ આણી,
તે ગુરૂ રાજ પ્રતાપે, હરિને પતિ મળ્યારે. ધન્ય૦

૩૮

(બતા દે સખી કોન.) એ રાહ.

માની લે મારૂં તારૂં મુકી અભિમાન. માની૦
આવ્યો જગતમાં પ્રાણી પરોણો, બે દિનનો મેમાન. માની૦
સગું કુટુંબી સરવે તારૂં, સ્વારથનું પરમાણ. માની૦
અંતે સમે કોઈ કામ ન આવે, ભુલાવે હરિ ધ્યાન. ૦માની

જુઠી માયા, જુઠી કાયા, તેમાં શું આવડું તાન. માની૦
ધામ ધરા ધન સંપત સરવે, મેલી જાવું છે નિદાન; માની૦
કાળ ભમે શિર ઉપર તારા, લેશે પલકમાં પ્રાણ. માની૦
વ્રથા જનમ આ તારો જાશે, કેમ નથી કાંઈ ભાન. માની૦
લખ ચોરાશીના દુખડાં પડશે, જમડા કરશે હેરાન. માની૦
જેને ગોપીચંદ ભરથરી જેવા, પ્રભુ ભજ્યા જગ જાણ. માની૦
તારાથી કાંઈ ડાહ્યા હતા એ, સમજ અકર્મી અજાણ. માની૦
દાસ હરિનો સ્વામિ ભજી લે, સહજાનંદ ભગવાન. માની૦

૩૯

સોરઠી ગજલ.

(આજ આવી રાજ હુજુરમાં) એ રાહ.

રહે સર્વદા બ્રહ્માનંદમાં, એવા સંતને શાબાશ છે. એ ટેક.
ત્રણ તાપમાં કદિ ના તપે, હરિજાપ એક મુખે જપે;
દેહ ઇંદ્રિથી અળગો રહે, જેના ઉર બ્રહ્મ ઉજાસ છે. રહે૦
કામ ક્રોધ લોભથી ના ડરે, લેશ મોહ માન તો ના મળે;
સહુ વિકાર જીત પોતે થઈ, જગ આશમાં જે નિરાશ છે. રહે૦
આ બ્રહ્માંડ પિંડ અસત્ય છે, મીથ્યા માયાનું સહુ કૃત્ય છે;
એજ જ્ઞાનમાં મસ્તાન થઈ, એક ધ્યાનમાં અવિનાશ છે. રહે૦
બ્રહ્મા કીટ સહુ લગી કાળ છે, માયા માર ત્યાં બહુ વાર છે;
એમ જાણીને નિર્લેપ થઈ, જગ સુખથી તે ઉદાશ છે. રહે૦
વળી બ્રહ્મ નિજ રૂપ જાણીને, પ્રકૃતિ પુરૂષ પર આણીને;
જગમાંહી જીવન મૂકત થઈ, પરબ્રહ્મ જેનો વિલાસ છે. રહે૦
એવા સંત મોટા સુજાણ છે, તેને કોટિ કોટિ પ્રણામ છે.
ધન્ય ભાગ્ય છે હરિદાસના, એવા સંતસંગ આવાસ છે. રહે૦

૪૦

(કંથ વિણ રહી એકેલી.) એ રાહ.

સ્યામ બિન કોન તેરા હે યાર, યહ ભવ વન મોઝાર. સ્યામ૦

તાપ ત્રિવિધિ જરત મનમેં, તનમેં રોગ અપાર;
આણુ ફીરે તેરે આગે માયાકી, ક્યું નીકસેગા બહાર. સ્યામ૦
સ્વારથ સાથી ઓર મીલા હે, દારા સુત પીતુ માત;
લૂટન હારે બીચમે ભાઈ, વો સબ ઠગકી જાત. સ્યામ૦
ઉપરસેં યે ખેલ ભયા હે, ભીતરમેં હે ફંદ;
માયાકો વો હે બલીહારી, જીવ ફસાયે અનંત. સ્યામ૦
ખોટા ખ્યાલ સમજકે પ્રાણી, મત તું મોહ લગાવ,
તેરા જીવકું બ્રહ્મ પ્રમાની, અક્ષર અલખ જગાવ. સ્યામ૦
તાકેપર પ્રભુ દેખ નજરસેં, અક્ષરપતિ અભિરામ;
વોહી પ્રગટ હેં વિશ્વ આધારા, દાસહરિ કે શ્યામ. સ્યામ૦

૪૧

રાગ પીલુ.

(બ્રહ્મા સુત હું નારદ કહાવું) એ રાહે.

સુનરે મનવા, વો જગ માંહી, અવર નહીં કોઈ તેરા સહાઇ,
માત પિતા યુવતિ સુત બંધુ, સ્વારથકી સબ રખતે સગાઈ. સુન૦
પાપ કરાવત હાથસેં તેરા, ખાવત સબ મીલ તેરી કમાઈ. સુન૦
જબહી કાલગ્રહે તેરા જીવકુ, તબહી છોડાવન હાર વો નાંહી. સુન૦
દો ઘડી રોવત કુટત સબ વો, વીસર ગયે પીછે જગમેં હો ભાઈ. સુન૦
જુઠ પસારા ભવમેં ભયા હે, મત જાના ઇસમેં લપટાઈ. સુન૦
દો દિનકે મીજબાન સમજકે, ભજ હરિદાસકો સ્યામ સદાઈ. સુન૦

૪૨

(જબસેકલંદર) એ રાહ.

ગુરૂ–દુખ રૂપ જીવ આ જગત જાળમાં, શું સમજી ભરમાયો તું?
પંચ વિશયની આશા પુરમાં, મુરખ જાય તણાયો શું?
જોને જાગીને અભાગી! તારૂ રૂપ તો તપાસી;
કોણુ જાત ભાત તારી, ક્યાંનો તું રહેવાસી?

પડયો ભુલો હરિદાસ, થશે તારી તે દશા શી ? જોને-દુખ.
શિષ્ય-સદ્‌ગુરૂ ચરણે શિશ સમરપી, કોટિ પ્રણામ કરૂં છું હું;
બહુ વિધિ અરજ ગુજારી તમને. વારમવાર પુછુછું હું.
ગુરૂ હાથ ગ્રહી મારો, જ્ઞાન મારગ બતાવો;
મુક્ત સ્થીતિ પામવાનો ભેદ સમજાવો;
ભુલો પડયો હરિદાસ હવે ગુરૂ વારે આવો. ગુરૂ-સદ્‌૦
ગુરૂ-શાણા શિષ્ય ધિરજ ધર દીલમાં, સુણજે ભેદ બતાવું હું,
ભિન્ન ભિન્ન દેહ આતમા જાણી, ઉપાસના કર પ્રીતે તું,
જે છે પ્રકૃતિ પુરૂપ પર બ્રહ્મ પર સ્વામી;
સહજાનંદ રસરૂપ અક્ષરના ધામી,
ત્યાં તું અલખ જગાવ, હરિદાસ પદ પામી. જે શાણા૦

૪૩

મલ્હાડ.

મારા શ્યામ સદા ઘનશ્યામ, હો વે'લા પધારો રાજ;
મારા મનના પૂરણ કામ, હો વે'લા પધારો રાજ.
તોડી સહુથી પ્રીતડીરે, જોડી તમ સંગ રાજ;
લાજ તજી જગ લોકની, વાલા તમ કારણ વ્રજરાજ. હો૦
પ્રીત કરી છે શ્યામળારે, સમજીને સુજાણ;
ટુક ટુક થાઉં તારા નામપર, મારૂં તન મન ધન કુરબાન. હો૦
દોષ ન જોશો માવજીરે, ગુણ ગ્રાહક અવિનાશ;
જેવાં તેવાં અમને જાણી, નાથ તમારા દાસ. હો૦
આશ ભરી અરજી કરૂંરે, જીવ સંગ આપ જડેલ;
દાસહરિની આશા પુરો, દર્શન દઈ અલબેલ. હો૦

૪૪

ઠુમરી-(બીડી પાનનકી.)

મેરી લગી લગનીયાં પ્યારે લાલનસેં,
લાલનસેં પ્યારે લાલનસેં- મેરી૦

ઓર કછુ અંતર નહીં આવત રસિક પીયા તેરે આનનસેં. મેરી૦
છબી તેરી મેરી જીવનદોરી, નેહ લગા તેરા નેનનસેં. મેરી૦
ગજગતિ દેખ સાન સબ ભુલી, મોહ ભયા મેરા મોહનસેં. મેરી૦
હસત હસત મેરે મંદીર આવત, ધર્મ કુંવર જગપાલનસેં. મેરી૦
દેખત શ્યામ સુરત ઉર બસ ગઈ, દીલ લગા ભવતારનસેં. મેરી૦
દાસ હરિકે નાથ મનોહર, આશ પુરન દુખ હારનસેં. મેરી૦

૪૫

(પ્રિય કરો શંભુનાથ) એ રાહ.

સ્વામિ નારાયણ નાથ (૨) સ્હાય થજો તમે શ્રી પતિરે,
ધર્મવંશી જગતાત (૨) કરગરી કરૂં હરી વીનતિરે;
વ્યાપક વિશ્વંભર વિભૂ જગપતિ જગદાધાર,
અવતારી અક્ષરપતી, ઊતારો ભવપાર. સ્વામિ૦
પુરૂષોતમ પરમાતમા, પૂરણ બ્રહ્મ પરેશ;
અગમ નિગમને નાથજી, ભવતારણ ભવનેશ. સ્વામિ૦
સહુથી અળગા શ્રી હરિ, સદા ભક્તની પાસ;
દાસ હરિ માગે પ્રભુ, ચરણ કમળમાં વાસ. સ્વામિ૦

૪૬

(ભર ડગલુ ન એકે સમજી રહે દૂર) એ રાહ.

લે ચેતન ચિતમેં ચેતી, ચલનેકા હે જરૂર;
તન મનકા મત કર તું ભરોંસા, કાલ દદામા કરતા સુર. લે૦
સુખકારી, ભજ મોરારી, તું ભક્તિસેં ભરપૂર;
હરિ બિન સ્હાય નહીં કોઈ જગમેં, વિવેક કર તું વિશયાતુર. લે૦
કર વિવેકસેં વિચાર, હોવત જગત સબ અસાર;
હે સંસારી, નર તન ધારી ભજ મોરારી,
હો તું યાર, સાર સાર શ્રી હરિ સાર, દાસ હરિ તું ભજ ગોપાળ. લે૦

૪૭

(મારા ભાગ્ય તણો નહીં પાર) એ રાહ.

મારી અરજ સુણો અવિનાશ, મુજને દર્શનની બહુ આશ;
તમે નાથ સુખદાયક દેવા, જગદીશ્વર જગપાળ,
આપો પદપંકજની સેવા, દાસ ગણી દયાળ. મારી૦
ચિત ચોટે નહીં બીજે મારૂં, પુરૂષોતમ પરમેશ;
શરણુ હું માગું એક તમારૂં, દીનબંધુ દીનેશ. મારી૦
યજ્ઞ સમાધિ કાંઈ ન રૂચે, બ્રહ્મ કહે નામાનું;
નાદ વાદમાં હું નવ સમજું, દીલ બાનું ઘો છાનું. મારી૦
મારા બળથી હું નવ જાણું, અકળ સકળ જગરાય;
કૃપા સાધ્ય હું આપ પ્રમાણું, શુન્ય અવર ઉપાય. મારી૦
સાધન સરવે મિથ્યા લાગે, ચરણુ શરણુ ચિત ચાહાય;
પ્રેમ ભક્તિમાં મન અનુરાગે, સમરણુ સેવા થાય. મારી૦
આપ પ્રસાદે સત્વર સરશે, સકળ વિધિના કાજ;
એવું મન દ્રઢ કરી હરિ આવ્યો, આપ શરણુ મહારાજ. મારી૦
સ્વામિ સેવકનો કર ઝાલી, કરો અવિદ્યા નાશ;
કાપી સરવે કર્મ ગ્રંથિ વળી, અભય કરો હરિદાસ. મારી૦
શુદ્ધ સ્વરૂપ કરી હરિ સેવક, રાખો સેવા માંય;
સ્થીતિ એકાતમ કરો તો, અગમ નિગમ સમજાય. મારી૦
મહાત્મ સહીત હરિ દર્શન કરતાં, ભવજળ પાર પમાય;
દાસ હરિ અક્ષર પદ પામી, હરિ સંગે હરખાય. મારી૦

૪૮

(ઉદ્ધવજી સંદેસો કહેજો શ્યામને) એ રાહ.

મન મળવા હોય એની જો મહારાજને,
દેખાડું હું મારગ સુગમ સહેલ જો,

નિડર થઇને ડગલાં ભરજો એ ભણી,
શાણી સહીયર મૂકી મનનો મેલજો. મન૦
સતસંગ નામ દિશાએ સખીઓ સંચરો,
આગળ જાતાં આવે ભક્તિ પૂરજો;
પૂછી મોટી પ્રેમ પોળમાં ચાલજો,
આશા એક પ્રભુની ધારી ઊરજો. મન૦
મેહેલ રૂડો નિશ્ચય નામે ત્યાં શોભતો,
ટેકતણા છે અદ્‌ભુત બેની દ્વારજો;
સેવા સીડી ભિન ભિન રંગે ઓપતી,
માળવસે સુખસાગર ધર્મ કુમારજો. મન૦
ચડજો હામ ધરી માળે સાહેલીઓ,
બીરાજે જ્યાં સહજાનંદ વ્રજરાજ જો;
દીનતા પાત્રે મનની ભેટો મેલજો,
તો મળશે રીઝી શ્રીજી મહારાજજો. મન૦
ધર્મ કુંવરને મળવાનું નહીં વાતમાં,
શિરસાટાનું સાહેલી છે કામજો;
ચાલે જે ચેતીને વસમી વાટમાં,
તે તે મળશે દાસહરિનો શ્યામજો. મન૦

૪૯

નાચ.

ઉદ્ધવ અમે કાનના ગોપી,
પ્રેમે પધારે અમે પરવશ પ્રભુને;
લાજ તે લોકની લોપી—ઉદ્ધવ૦
પ્રીતિની રીતિ પ્રેમીજન, આનંદમાં અનુભવ કરે;
મન જાણે સાકર સ્વાદને, કહેવાય નહીં મુંગેનરે.

સહેવાય કે રહેવાય નહીં, અણુધારી ઉરમાં ઉપડે;
અજ્ઞાનિ જોઈ ઈર્ષા કરે, જોગી જતિને નવ જડે.
ગતિરે ઘાયલ કેરી ઘાયલ જાણે,
કાયર શું કરે કોપી.—ઉદ્ધવ.
કોરે મધુકર વાંસને, નવ કમળ ભેદી નીસરે;
દ્રષ્ટિની પ્રીતે પતંગ પણ જઈ, દિપકમાં બળીને મરે.
જ્યાં પ્રેમ ત્યાં નવ નેમ રહે, શુધ બુધ બળતે નવ ટકે;
અતિ અગમ પંથજ પ્રેમનો, જોગી તે જાણી શું શકે?
મનરે અમારૂં મળ્યું મોહન સંગે,
પ્રાણ દીધા તેને સોંપી.—ઉદ્ધવ.
જોગી જગાવે જોગને, જગામાં તે જેનું મન ભમે;
પ્રેમીનું મન પલટાય નહીં, નિત્ય રસિકવર સંગે રમે.
ચોરે ચકોર ન દ્રષ્ટિને, રહે અચળ ઈંદુની ભણી;
ઉદ્ધવ મળ્યું મન માવશું, એ પ્રીતની રીત અમતણી.
માટે ઉદ્ધવ તમે માની અમારૂં,
પ્રેમ સુધારસ લ્યો પી.—ઉદ્ધવ.

૫૦

(મારા ભાગ્ય તણો નહી પાર)

કક્કા કોટી કારજ છોડ, ખખ્ખા ખરી હરીશુ જોડ;
ગગ્ગા ગાઇ લે ગોવિંદરાય, ઘઘા ઘડી લાખેણી જાય. ટેક.
ચચ્ચા ચઉદ ભુવનમાં ફરતી, જાણ કાળની આણ;
છછ્છા છંદ તને છે ખોટો, જીવની થાશે હાણ. કક્કા.
જજ્જા જગજીવન જાણ્યા નહીં, ક્યાં કરશો મુકામ;
ઝઝા ઝટપટ જ્યાં ત્યાં જમડા, ડરવા નહીં દે ઠામ.
ટટ્ટા ટેકે ત્રિભુવન રાય, ભજતાં ભવની ભાવટ જાય;

ઠઠ્ઠા ઠાલા ચોથાં કૂટ, શાને કાજે હૈયાફુટ.
ડડ્ડા ડાહ્યો થઇ બહુ ડોળ્યો, આ જગનો વહેવાર;
ઢઢ્ઢા ઢોર ગતિ તેં રાખી કર્યો ન કાંઇ વિચાર.
*ણણા નારી કુળ પરિવાર, પોખે અધરમ કરી અપાર;
તત્તા તન ધનનો અહંકાર, કરતાં ખોયો આ અવતાર.
થથ્થા સ્થાવર જંગમ સરવે વ્યાપક શ્રી જગરાય;
દદ્દા દૂભવીએ નહીં કોઈ, દીનબંધુ દૂભાય,
ધધ્ધા ધિક્ પડ્યો અવતાર, જે નવ સમરે સરજનહાર;
પપ્પા પામર તે નરનાર, જે નવ જાણે જગદાધાર.
ફફ્ફા ફોગટ ફેરો થાશે, ગાને તું ગોપાળ;
બબ્બા બાજી બગડી જોજે, પકડે પળમાં કાળ.
ભભા ભજ ભાવે ભગવાન, ટાળી અંતરનું અભિમાન;
મમા મમતા મનથી મેલ, સુધરે સરવે તારૂં સહેલ.
યયા અક્ષર રૂપ અલોકીક, અજ્ઞાને અવરાય;
રરા રામ રમતમાં ખોતાં, જીવનું જોખમ થાય.
લલા અલખ હરી લેખાય, તેતો બ્રહ્માનંદ વરસાય;
વવા વિવેકને વિચાર, કરતું મૂરખના સરદાર.
સસા સાર સરવનો શ્રીજી, પુરૂષોતમ ઘનશ્યામ;
સદગુરૂ શરણે સમજ સદા, એ પોતે પૂરણ કામ;
ભવ દૂખ હારી દીનદયાળ, શરણાગતની લે સંભાળ;
સાચે ભાવે જો ભજાય, ભવની ભાવટ સરવે જાય.
માટે હહા હુંપદ છોડી હેત હરીશું જોડ;
હેલામાં હરશે હરકત સહુ, રાજી થઇ રણછોડ.

---

* ણ તથા ન બને એકજ ગણેલા છે.

આપે અક્ષરમાં આવાસ, રાખે દાસહરિને પાસ;
એવા અક્ષર આનંદ કંદ, પોતે સ્વામિ સહજાનંદ.

સ્વધામ પધારતી વખતે શ્રીજી મહારાજે સંતો તથા હરીભકતોને આપેલ ઉપદેશ તથા તે સરવેના વિલાપનું ટુંકામાં વર્ણન.

૫૧

ગીતિ.

કાલ કર્મ ગુણ માયા, પ્રેરક શ્રી પુરૂષોતમ બહુ નામી;
ઉત્પતિ સ્થીતિ લય કર્તા, અનંત કોટિ બ્રહ્માંડ તણા સ્વામી.
શ્રી સહજાનંદ પોતે, ભક્તિ ધર્મ સુત શ્રીજી સુખદાતા;
પોતાના જન સંગે, વચન વદે પ્રભુ પૂરણ જગત્રાતા.
સુણજો મારા સંતો, મેં અવતાર ધર્યો જેને કાજે;
તે સહુ પૂરણ કરીને, બ્રહ્મ મોહલમાં જાઉં હું આજે.
શોક કોઇ નવ કરશો, રાજી રહેજો સદા સંત પ્યારા;
નિશદિન રહી સતસંગે, દાસહરી સંભાળીશ જનમારા.

૫૨

સંતો તથા હરિભકત— **રાગ ભરથરીનો.**

અરેરે શ્રીજી તમે શું વદો, આવાં ક્રૂર વચનજી !
અમને તજી શું સ્વધામમાં, જાવા વિચારો મનજી ?
અરેરે શ્રીજી તમે શું વદો ?
અમૃત પાઇને ઉછેરીયાં, જાશો મૂકી શું નાથજી ?
જોઇને જીવન અમે જીવીએ, પડીએ પાય જોડી હાથજી. અરેરે.
મહારાજ—સંતોશાણા સમજુ થઇ, કરો કેમ કલ્પાંતજી;
મરમ વિચારોને માહરો, સરવે થાઓ તમે શાંતજી.
સંતો શાણારે સરવે સાંભળો.

રામ પ્રતાપ ઇચ્છા રામજી, લાવો નયણે ના નીરજી;
અવધ પ્રસાદ શોક શું કરો, રાખો ધીર રઘુવીરજી. સંતો

સરવે—મીનને જીવન જેમ નીરનું, એમ અમને છો આપજી;
ચંદ્ર વિયોગે ચકોર છે, એવો અમને સંતાપજી. અરેરે.
અમેરે આવ્યા તમ આશરે, તોડી જગત જંજાળજી;
દોષરે અમારા શા દેખીને, કરો અળગા દયાળજી. અરેરે.

મહારાજ—શોક છોડોને મારા આશ્રિતો, ત્યાગી ગૃહી નરનારજી;
તમથી વહાલું મારે કોઇ નથી, સાચુ કહું નીરધારજી. સંતો
અનંતકોટિ બ્રહ્માંડનો, કરતા હરતા હું આપજી;
કાળ માયા ને વળી કર્મનો. પ્રેરક મારો પ્રતાપજી. સંતો

સરવે—સમજાવી મન બહુ વારીએ, રોક્યુ નવ રહે આજજી;
સુખરે પ્રગટ અમે ભોગવ્યાં, કેમ વીસરે મહારાજજી. અરેરે

મહારાજ—વ્યાપક હું સરવે વિશ્વમાં, અંતરજામી અનંતજી;
સરવેનો સાક્ષી હું સર્વદા, એમ જાણજો સંતજી. સંતો
નથીરે કારણ કાંઈ કલેશનું, (જો) મારો મહીમા મનાયજી;
જનમે મરે કોણ જાણતાં, સત્ય રૂપ સમજાયજી. સંતો

સરવે—શું કહીએ ઘણું ઘનસ્યામજી, અમે આપના આધીનજી;
પડ્યાંરે પરવશ પ્રભુ પ્રેમમાં, તેથી કરીએ રૂદનજી; અરેરે.
જોરરે નથી કાંઈ અમતણું, જાશો જોરે દયાળજી;
કરગરી કહીએ કૃપાનીધિ, તેડી લેજો તતકાળજી. અરેરે.

મહારાજ—રાજનગર વડતાલને ગઢપુર મંદીર માંયજી;
જ્યાં જ્યાં હશે મારી મૂરતિ તેમાં રહી કરૂં સહાયજી. સંતો.

સાચે ભાવે મને સેવજો, મારા આશ્રીત જનજી;
પાળજો સહુ તમે પ્રેમથી, શિક્ષાપત્રી વચનજી. સંતો.
સરવે—પાય પડીને પ્રભુ માગીએ, સદા રહેજો પ્રસન્નજી,
અંતકાળે વે'લા આવજો, આપો અભય વચનજી. અરેરે.
મહારાજ—સદારે હું રહી સત્‌સંગમાં, પુરી સરવેની આશજી;
અંતે આવીશ તમને તેડવા, સદા રાખીશપાસજી. સંતો.
હરીદાસ—શાંત કરીને સરવે જનને, આપી અભય વચનજી;
દાસહરિનો સ્વામી શ્રી હરિ, ગયા આપ ભુવનજી. સંતો.

(૫૭)

(ગીરધારીનો રાગ).

હો મનવારે, તું રટ સહજાનંદ સ્વામી, સાચા સમજીને અંતરજામી.
અવિનાશીરે, તે પોતે બહુનામી. છે સરવે સુખના ધામી;
એપુરણમાં નહીં ખામીરે, એમાં મનવૃત્તિ વિરામી રે.
જીવ જોડી થા નિષ્કામીરે, ભજ ભાવેરે નરનારાયણ નામી. —તું રટ
વળી સમજીરે જગજીવન જગત્રાતા, સુખદાયક વિશ્વવિધાતા.
લે જાણીરે, કર્મતણા ફળદાતા, સુખકારી શ્રી હરિ શાતા;
છે જીવોના પીતુમાતારે, તે ભક્ત તણાછે ભ્રાતા રે,
સમભાવે સહુને ચાહાતારે, ઓ પાપી રે મનવૃત્તિ વિરામી. —તું રટ
અજ્ઞાનીરે શું વધું કહી સમજાવું, પ્રભુ પૂરણ બ્રહ્મ જણાવું,
અક્ષરનારે આતમાએ ઓળખાવું, ભજી નિર્ભય નિશ્ચે થાવું;
સાચી ભક્તિથી ત્યાં જાવુંરે, ફરી આ ભવમાં તુંન આવું રે.
એવીરીત તને સમજાવુંરે, સહુઆશારે ટાળી થા નિષ્કામી. —તું રટ
મન મુરખરે ફાવેસાં નવ ફરીએ, એક હેત હરિમાં કરીએ,
જગજુઠુંરે, સમજી ડગલું ભરીએ, વળી વિવેકથી વિચરીએ;
પળે પળે પ્રભૂ સમરીએરે, એકશરણું એનું ધરીએ રે,

વિચારીને કરણી કરીએરે, તોપામેરે, અનંત અક્ષર ધામી —તું ૨૮
જુઓ જાગીરે, અવસરરૂડો આવ્યો, નર દેહ ભરતખંડ જાયો,
નિરભાગીરે, નરતનનો લ્યો લાવો, સ્વામિનારાયણને ગાઓ.
ભમી ભુલા શું ભટકાઓરે, થશે પાછળથી પસ્તાવોરે,
સાચે ભાવે શરણે જાઓરે, તો ભાગેરે જનમમરણની ખામી—તું ૨૮
મનમાનીરે, પુરૂષોતમ અવિનાશી, હરિ સહજાનંદ સુખરાશી,
અવતારીરે, વ્યાપક વિશ્વ વિલાસી, પ્રભુ પ્રગટ અક્ષર વાસી;
એનું શરણ સદા સુખરાશીરે, મટે કાળમાયાની ફાંસીરે,
પામે અક્ષર પદ ઉપાસીરે, એવા પુરણરે, દાસહરિના સ્વામી
ભજભાવે થઈ નિષ્કામી—

(૫૪)

ધુન્ય.

સ્વામિનારાયણ નારાયણ સહજાનંદ હરે ! (૨)
સહજાનંદ હરે, સુખ કંદ હરે ! સ્વામિ.
અનંતકોટિબ્રહ્માંડ પતિ, પુરૂષોતમ પરમાનંદ !
અવિનાશી અનુપમ અવતારી, અક્ષર આનંદકંદ સ્વામિ.
જદુપતિ જગપાલન જગ ત્રાતા, જગન્નાથ જગપાળ !
દીનબંધુ દામોદર દાતા દુખહર દેવ દયાળ ! સ્વામિ.
કરૂણાસાગર કૃષ્ણ કૃપાનિધિ, કમળાકંથ કૃપાળ !
ગોપીજનવલ્લભ ગિરધારી, ગોવિંદ શ્રી ગોપાળ ! સ્વામિ.
નારાયણ નરસિંહ નરોતમ, નંદલાલ નરરૂપ !
પ્રગટ પ્રભુ પરમાતમ પોતે, પૂરણ બ્રહ્મ અનૂપ ! સ્વામિ.
ભકિત ધર્મકુવર ધરણીધર રાધાવર રઘુનંદ !
પાહી પાહી પ્રભુ દાસહરીને, જગજીવન જગવંદ સ્વામિ !

સમાપ્ત.

વિનંતી.

સર્વે હરિભક્તોને નમ્રતાપૂર્વક વિનંતી કરૂંછું કે આ લઘુ પુસ્તક રચવામાં મારી અલ્પમતિને લીધે જે કાંઈ દોષયુક્ત દેખાય તેની આપ કૃપા કરી માફી આપશો.

આ પુસ્તક નીચે લખેલા ઠેકાણેથી મળશે.

અમદાવાદ—પથડબંધ જેઠાલાલ નારણદાસ,

ઠે.—સ્વામિનારાયણના મંદિર પાસે.

પાલણપુર—મહેતા હરિલાલ કીકાભાઇ,

આ. મા. હાઇસ્કુલ.

લી૦ કર્તા.

જાહેર ખબર.

શ્રી ઉદ્ધવસંપ્રદાયના સરવે હરિભક્તોને વિદિત કરવામાં આવેછે જે અત્રે (અમદાવાદમાં) આપણા મંદિરની સામે મંદિરના જ મકાનમાં આચાર્ય શ્રી પુરૂષોત્તમપ્રસાદજી મહારાજની કૃપાદષ્ટિથી મેં એક દેશી ઔષધાલય સ્થાપ્યું છે, તેમાં તમામ જાતની તદન વનસ્પતિની શુદ્ધ અસરકારક દવાઓ તથા માત્રાઓ યોગ્ય કીંમતે મળેછે. ઔષધો શુદ્ધ હોવાથી અતરેના સાધુ, બ્રહ્મચારી, તથા હરીભક્તો વગેરેને સારો લાભ છે. વળી આ ઔષધાલયમાં સરવે રોગપર લાગુપડતી દવાઓની પેટીઓ પાંચ પાંચ રૂપીએ મળે છે. આ સંબંધી વિશેષ હકીકત અડધા આનાની ટીકીટ મોકલનારને અમારા તરફથી ઔષધ મૂલ્ય દર્પણ એ નામની ચોપડી મળવાથી માલુમ પડશે.

લી. શે.

વૈદ્યશાસ્ત્રિ નારાયણશંકર દેવશંકર.